# જીલ્લા કૃષિ હવામાન એકમ (DAMU)
## ગ્રામીણ કૃષિ મૌસમ સેવા (GKMS)
## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
## જુ.કૃ.યુ., જામનગર- ૩૬૧૦૦૬
તા. ૧૭-૧૧-૨૦૨૧ થી તા. ૨૧-૧૧-૨૦૨૧

(#Azadi ka Uatsav-Amrit Mahotsav)

**જામનગર જીલ્લા કૃષિ હવામાન બુલેટીન નં. ૯૨(૨૦૨૧) તારીખ: ૧૬-૧૧-૨૦૨૧**

(જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી અને ભારત મૌસમ વિભાગ દ્વારા સંપન્ન)

### પાછલા અઠવાડીયાનું જામનગર નું હવામાન

| હવામાનપરિબળો | | |
|---|---|---|
| વરસાદ (મી.મી) | | ૦.૦ |
| મહતમ તાપમાન(સે.ગ્રે) | | ૩૧.૫-૩૪.૫ |
| લઘુતમ તાપમાન(સે.ગ્રે) | | ૧૪.૫-૨૦.૦ |
| ભેજ(%) | સવાર | ૫૭-૬૩ |
| | બપોરબાદ | ૨૫-૨૯ |
| પવનનીગતિ (કિમી/કલાક) | | ૩.૭-૪.૩ |

### હવામાન આગાહી

### ઉત્તર સૌરાષ્ટ્ર ખેતઆબોહવાકીય વિભાગ - જામનગર જીલ્લાની હવામાન આગાહી

| તારીખ<br>પેરામીટર | દિવસ-૧<br>૧૭-૧૧-૨૦૨૧ | દિવસ-૨<br>૧૮-૧૧-૨૦૨૧ | દિવસ-૩<br>૧૯-૧૧-૨૦૨૧ | દિવસ-૪<br>૨૦-૧૧-૨૦૨૧ | દિવસ-૫<br>૨૧-૧૧-૨૦૨૧ |
|---|---|---|---|---|---|
| વરસાદ (મી.મી.) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| મહત્તમ તાપમાન(સે.ગ્રે) | ૩૬ | ૩૪ | ૩૪ | ૩૪ | ૩૩ |
| લઘુત્તમ તાપમાન(સે.ગ્રે) | ૨૩ | ૨૨ | ૨૨ | ૨૨ | ૨૩ |
| મહત્તમ ભેજ (%) સવાર | ૩૧ | ૪૩ | ૭૪ | ૬૨ | ૫૮ |
| લઘુત્તમ ભેજ (%) બપોરબાદ | ૨૨ | ૨૮ | ૪૬ | ૪૯ | ૪૪ |
| પવનની ગતિ (કિમી/કલાક) | ૨૧.૨ | ૧૯.૭ | ૧૬.૮ | ૧૪.૧ | ૧૭.૨ |
| પવનની દિશા (ડીગ્રી) | ઇશાન | ઇશાન | પૂર્વ | ઇશાન | ઇશાન |
| વાદળની સ્થિતિ | મોટાભાગનું વાદળછાયું | વાદળછાયું | મોટાભાગનું વાદળછાયું | આંશિક વાદળછાયું | મુખ્યત્વે ચોખ્ખું |


નોંધ: આ આગાહી સમગ્ર જીલ્લાની સરેરાશ હોય છે એટલે તેને કોઈ પણ એક જગ્યા માટે લાગુ કરવી નહી.

ભારત સરકારશ્રીના હવામાન ખાતા તરફથી મળેલ હવામાન માહિતી અનુસાર અત્રેના ગ્રામીણ કૃષિ મૌસમ સેવા વિભાગ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જામનગર તરફથી જણાવવામાં આવે છે કે ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહાવાકીય વિસ્તારના

જામનગર જીલ્લામાં આગામી સપ્તાહ દરમ્યાન હવામાન મુખ્યત્વે ચોખ્ખું થી મોટાભાગનું

વાદળછાયું રહેશે. આગામી સપ્તાહમાં જામનગર જીલ્લામાં વરસાદનું પ્રમાણ નહીવત્ત રહેશે. આ સમય ગાળામાં મહત્તમ તાપમાન દિવસ દરમ્યાન ૩૩-૩૬ ડીગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન ૨૨-૨૩ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે. સવારના સમયે ભેજનું પ્રમાણ ૩૧-૭૪ % રહેશે તથા બપોરપછીના ભેજનું પ્રમાણ ૨૨-૪૯ % રહેવાની શક્યતા છે. પવનની દિશા મોટેભાગે ઈશાન-પૂર્વ તરફથી રહેવાની અને પવનની ઝડપ ૧૪.૧-૨૧.૨ કીમી/કલાક રહેવાની શક્યતા છે.

**NOAA/VIIRS/BLENDED NDVI Composite ending on Week no 45**
**(05.11.2021 to 11.11.2021) over Agricultural region**





Agricultural vigour is good over isolated pockets of south Gujarat


## સામાન્ય કૃષિ સલાહ

- વહેલી તકે પરિપક્વ થયેલા ખરીફ પાકોની લણણી કરવી અને શિયાળુ પાકોનું વાવેતર કરવાનું આયોજન કરવું.
- જંતુનાશક દવાઓ, ખાતરોનો છંટકાવ આકાશ ચોખ્ખું હોય ત્યારે જ કરવો.
- શિયાળુ પાકોના વાવેતર માટેનું પ્લાનિંગ કરવું જોઈએ, અને તેને અનુરૂપ જમીન તૈયાર કરવી જોઈએ.
- શિયાળુ પાકોના વાવેતર પછી પ્રથમ પિયત સમયે નિંદામણ નાશક પેન્ડીમીથાલીન ૩૮.૭% સી.એસ. ૭૦૦-૯૦૦ મિલી / એકરના પ્રમાણમાં પિયત સાથે આપવી.
- ચણા, જીરું , ધાણા અને અજમાના પાકમાં સુકારાના નિયંત્રણ માટે માટે વાવેતર સમયે બીજને કર્બેન્ડાઝીમ ૨ ગ્રામ પ્રતિ એક કિલો બીજ મુજબ પટ આપવો.

| પાક પ્રમાણે કૃષિ સલાહ | |
|---|---|
| મુખ્યપાક | કૃષિસલાહ |
| ઘઉં | • ઘઉંના વાવેતર માટે જમીન તૈયાર કરવી.<br>• ટપક સિંચાય ની સગવડ હોય તો તેના દ્વારા જ પિયત આપવું જોઈએ.<br>• સારી ગુણવતા વાળા બીજ વાવેતર માટે એકઠા કરી લેવા જોઈએ.<br>• **વાવેતર સમય અને બિયારણની જાત:** વાવેતર સમયને અનુરૂપ જતો પસંદ કરવી જેવીકે<br>✓ વહેલી વાવણી (૧૦ નવેમ્બર પહેલા): જી.જે. ડબલ્યુ-૪૬૩<br>✓ સમયસર વાવણી (૧૫ થી ૨૫ નવેમ્બર: લોક-૧, જી. ડબલ્યુ -૩૬૬, ૪૫૧, ૪૯૬ |

| | |
|---|---|
| | ✓ મોડી વાવણી: (૨૬ નવેમ્બર થી ૧૦ ડીસેમ્બર): જી.ડબલ્યુ-૧૭૩, ૧૧, લોક-૧૧<br>• વાવેતર અંતર: ૧૨ ઇંચ × ૧ ઇંચ અથવા પુંખીને (છાંટીને)<br>• બિયારણ દર : ૨૦ કિગ્રા પ્રતિ વીઘા (૫૦ કિગ્રા પ્રતિ એકર)<br>• રસાયણિક ખાતર: ડીએપી-૧૫ કિગ્રા + ફાડા સલ્ફર ૨ કિગ્રા + ન્યુટ્રીબીલ્ડ ઝીંક- ૨૦૦ ગ્રામ (પ્રતિ વીઘે)<br>• પૂર્તિ ખાતર: ૩૦ દિવસે યુરીયા- ૧૫ કિગ્રા પ્રતિ વીઘે<br>• નિંદામણ નાશક: ઉગ્યા પહેલા: પેન્ડીમીથીલીન ૫૦૦ મીલી થી ૧ લીટર + ગોલ-૧૦૦ મીલી (પ્રતિ એકર)<br>ઉગ્યા પછી: ૨-૪-ડી., અલગ્રીપ |
| ચણા | • ચણાના વાવેતર માટે જમીન તૈયાર કરવી.<br>• વાવેતર સમય: ઓક્ટોબર મહિનાના અંતમાં વાવેતર કરવું.<br>• બિયારણની જાત: ગુજરાત ચણા -૩ અને ગુજરાત ચણા -૫ જેવી વધુ ઉત્પાદન આપતી જાતો પસંદ કરવી.<br>• વાવેતર અંતર: ૧૮ ઇંચ × ૩ ઇંચ અથવા પુંખીને (છાંટીને)<br>• બિયારણ દર : ૧૦ કિગ્રા પ્રતિ વીઘા (૨૫ કિગ્રા પ્રતિ એકર)<br>• રસાયણિક ખાતર: ડીએપી-૧૫ કિગ્રા + ફાડા સલ્ફર ૨ કિગ્રા + ન્યુટ્રીબીલ્ડ ઝીંક- ૨૦૦ ગ્રામ (પ્રતિ વીઘે)<br>• પૂર્તિ ખાતર: ૩૦ દિવસે યુરીયા- ૧૫ કિગ્રા પ્રતિ વીઘે<br>• નિંદામણ નાશક: ઉગ્યા પહેલા: પેન્ડીમીથીલીન ૫૦૦ મીલી થી ૧ લીટર + ગોલ-૧૦૦ મીલી (પ્રતિ એકર) |
| જીરૂ | • જીરૂના વાવેતર માટે જમીન તૈયાર કરવી.<br>• વાવેતર સમય: ઓક્ટોબર મહિનાના અંતથી ઠંડીની શરૂઆત થયે વાવેતર કરવું.<br>• બિયારણની જાત: વાવેતર માટે ગુજરાત જીરૂ-૩ અને ગુજરાત જીરૂ-૪ નામની જાતોનું વાવેતર કરવું.<br>• વાવેતર અંતર: ૧૦ ઇંચ × ૩ ઇંચ અથવા પુંખીને (છાંટીને)<br>• બિયારણ દર : ૩ કિગ્રા પ્રતિ વીઘા (૭ કિગ્રા પ્રતિ એકર)<br>• રસાયણિક ખાતર: ડીએપી-૧૫ કિગ્રા + ફાડા સલ્ફર ૨ કિગ્રા + ન્યુટ્રીબીલ્ડ ઝીંક- ૨૦૦ ગ્રામ (પ્રતિ વીઘે)<br>• પૂર્તિ ખાતર: ૩૦ દિવસે યુરીયા- ૧૦ કિગ્રા પ્રતિ વીઘે<br>• નિંદામણ નાશક: ઉગ્યા પહેલા: પેન્ડીમીથીલીન ૫૦૦ મીલી થી ૧ લીટર + ગોલ-૧૦૦ મીલી (પ્રતિ એકર) |
| ધાણા | • ધાણા ના વાવેતર માટે જમીન તૈયાર કરવી.<br>• વાવેતર સમય: નવેમ્બર મહિનામાં ઠંડીની શરૂઆત થયે વાવેતર કરવું.<br>• બિયારણની જાત: વાવેતર માટે અને ગુજરાત ધાણા-૨જેવી ભલામણ કરેલ જાતોનું વાવેતર કરવું.<br>• વાવેતર અંતર: ૧૫ ઇંચ × ૩ ઇંચ અથવા પુંખીને (છાંટીને)<br>• બિયારણ દર : ૩ કિગ્રા પ્રતિ વીઘા (૭ કિગ્રા પ્રતિ એકર)<br>• રસાયણિક ખાતર: ડીએપી-૧૫ કિગ્રા + ફાડા સલ્ફર ૨ કિગ્રા + ન્યુટ્રીબીલ્ડ ઝીંક- ૨૦૦ ગ્રામ (પ્રતિ વીઘે)<br>• પૂર્તિ ખાતર: ૩૦ દિવસે યુરીયા- ૧૦ કિગ્રા પ્રતિ વીઘે<br>• નિંદામણ નાશક: ઉગ્યા પહેલા: પેન્ડીમીથીલીન ૫૦૦ મીલી થી ૧ લીટર + ગોલ-૧૦૦ મીલી (પ્રતિ એકર) |
| લસણ | • લસણ ના વાવેતર માટે જમીન તૈયાર કરવી.<br>• વાવેતર સમય: નવેમ્બર મહિનામાં ઠંડીની શરૂઆત થયે વાવેતર કરવું.<br>• બિયારણની જાત: વાવેતર માટે ગુજરાત લસણ-૩, ગુજરાત લસણ-૪, ગુજરાત જૂનાગઢ લસણ-૫ભલામણ કરેલ જાતોનું વાવેતર કરવું.<br>• રસાયણિક ખાતર: લસણના પાકમાં N-P-K ની જરૂરિયાત ૫૦:૫૦:૫૦ કિગ્રા/હેક્ટર છે, જેમાંથી પાયાના ખાતર તરીકે ૨૫ કિગ્રા નાઈટ્રોજન, ૫૦ કિગ્રા ફોસ્ફરસ, ૫૦ કિગ્રા પોટાશ અને ૨૫૦કિગ્રા એરંડીનો ખોળ પ્રતી હેક્ટર મુજબ વાવણી સમયે આપવો. |
| કપાસ | • ગુલાબી ઈયળના: ગુલાબી ઈયળના મોનીટરીંગ માટે ૫ ફીરોમેન ટ્રેપ દર હેક્ટરે મુકવા, જો ૮-૧૦ ફૂદા એક ટ્રેપમાં જોવા મળે તો બ્યુવેરીયા બાસીયાના પાવડર ૧૦૦ ગ્રામ અને ૨૦ મિલી પ્રોફેનોફોસ પંપમાં મિક્ષ કરીને વરાપે |

| | |
|---|---|
| | છંટકાવ કરવો.<br> <br>• વધુ વરસાદને કરને પાક નિષ્ફળ ગયેલ હોય તો શિયાળુ પાકોના વાવેતરનું આયોજન કરવું.<br>• કપાસના પાકમાં વધારે ફૂલ અને ચાપવા બેસે તે માટે ૫ ફૂટે ઉપરની ટોચ કાપી નાખવી.<br>• ગરમીનું પ્રમાણ વધવાને કારણે કપાસના પાકમાં થ્રીપ્સ અને કથીરીના ઉપદ્રવનું પ્રમાણ પણ વધશે, જેથી તેના નિયંત્રણ માટે પ્રોપરગાઈટ ૫૭% ઈ.સી. ૩૦ મિલી/પંપ અથવા એબામેકટીન ૧.૯% ઈ.સી. ૧૫ મિલી/પંપ જેવી દવાનો છંટકાવ કરવો.<br>• કપાસના પાન પીળા અને લાલ થતા અટકાવવા માટે ૧૯-૧૯-૧૯ ખાતર ૧૦૦ ગ્રામ અને માઈક્રોમિક્ષ (ગ્રેડ-૪) ૨૫ ગ્રામ પંપ માં નાખીને ૨-૩ છંટકાવ કરવા જોઈએ. |
| દિવેલા | • વહેલું વાવેતર કરેલ પાકમાં પુરક ખાતર આપવું.<br>• ઘોડિયા ઈયળ અથવા લીલી ઈયળ: ઘોડિયા ઈયળ અથવા લીલી ઈયળ ના નિયંત્રણ માટે ડાયક્લોરોવોસ ૭૬ ઈસી ૧૦ મિલી અથવા મિથાઈલ ઓ ડેમેટોન ૨૫ ઈસી ૧૫ મિલી ૧૫ લીટર પાણીમાં નાખીને વરાપે છંટકાવ કરવો.<br> <br>• પુરતી ખાતર આપીને વરાપના સમયે પાળા બાંધવા અને જરૂરિયાત મુજબ પિયત આપવું.<br>• વરાપે આંતરખેડ અને નિંદામણ કરવું. |
| તુવેર | • વંધ્યત્વનો રોગ: તુવેરમાં સ્ટરીલીટી મોઝેક (વંધ્યત્વનો રોગ, કથીરી)ના નિયંત્રણ માટે પ્રોપરઝાઈટ ૫૭% ઈ.સી ૩૦-૪૦ મિલી/પંપ વરાપે છંટકાવ કરવો.<br> <br>• પુરતી ખાતર આપીને વરાપના સમયે પાળા બાંધવા અને પિયત આપવું.<br>• વરાપે આંતરખેડ અને નિંદામણ કરવું. |
| શાકભાજી પાકો | • વાવણીની કામગીરી જો બાકી હોય તો વરસાદ થયે પૂર્ણ કરવી.<br>• રોગીષ્ટ છોડને ખેતરમાંથી ઉપાડીને જમીનમાં દાટી દેવા જોઈએ.<br>• શાકભાજી પાકોને નિંદણ મુક્ત રાખવા જોઈએ.<br>• પાન કોરીયુ: વેલાવાળા શાકભાજી પાકમાં પાન કોરીયાનો ઉપદ્રવટાળવા માટે ૧૫ મીલી મીથાઈલ-ઓ-ડેમેટોન (૨૫ઈસી) અથવા ૧૫ મીલી ડાયમીથોએટ (૩૦ ઈસી) ૧૫ લીટરપાણીના પંપમાં નાખીને વરાપે છંટકાવ કરવો.<br> <br>• થ્રીપ્સ: મરચીના પાકમાં થ્રીપ્સના નિયંત્રણ માટે ૩૦ મીલીપ્રોફેનોફોસ ૧૫ લીટરપાણીમાં મિશ્રણ કરી છાંટવી. થ્રીપ્સનો વધુ ઉપદ્રવ હોય તો સ્પીનોસાડ અથવા સ્પીનેટોરમ દવા૭-૮મીલી પ્રતિ પંપ વરાપે છાંટવી. |

| | |
|---|---|
| |  <br>• **ફળમાખી:** ફળમાખીના નિયંત્રણ માટેએસીટામીપ્રીડ ૨૦ ટકા ૧૫ ગ્રામ દવા ૧૫ લીટર પાણીમાં ભેળવી વરાપે છંટકાવ કરવો.<br>• **લીલી ઈયળ:** ટામેટાના પાકમાં લીલી ઈયળનો ઉપદ્રવ વધુ જોવા મળે છે તેના નીયંત્રણ માટે ઈન્ડોક્ઝાકાર્બ ૨૫ ઈસી ૩૦ મિલી અથવા સ્પીનોસાદ ૪૫ ઈસી ૫ મિલી પ્રતિ પંપ વરાપે છાંટવી.<br>• રીંગણના પાકમાં જો ફળ અને ડોકાની ઈયળોનો ઉપદ્રવ હોય તો રીનાક્ષીપાયર ૧૮.૫ એસ.સી દવા ૫ મીલી ૧૫ લીટર પાણીમાં મીશ્ર કરીને વરાપે છંટકાવ કરવો.<br>   <br>• **પાનકથીરી:** શાકભાજી પાકોમાં પાનકથીરીનો ઉપદ્રવ જોવા મળે તો ફેનાઝાકવિન ૧૦ ઈસી ૧૦ મિલી અથવા ડાયફેન્યુરોન ૫૦ ડબલ્યુ પી ૧૫ ગ્રામ ૧૫ લીટર પાણીમાં પંપમાં નાખીને વરાપે છંટકાવ કરવો.<br>  <br>• **સફેદ માખી અને લીલી:** ભીંડામાં સફેદ માખી અને લીલી પોપટીના નિયંત્રણ માટે લીંબોળીનુંતેલ ૫૦ મી.લી. અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્ક નુંદ્રાવણ ૫૦૦ મી.લી. અને ડાયફેનથાયુરોન ૫૦ ટકા વે.પા. ૧૬ગ્રામ દવાને ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને વરાપે છંટકાવ કરવો. |
| પશુ | • યોગ્ય માત્રામાં આવશ્યક ક્ષાર / ખનિજ મિશ્રણ ચારા સાથે ભેળવીને પ્રાણીઓને આપવું આવશ્યક છે.<br>• પશુઓના રહેઠાણની જગ્યાની વ્યવસ્થિત સફાઈ રાખવી અને માખીઓના ઉપદ્રવથી બચવા ફિનાઈલ છાંટવું અથવા લીમડાનાં પાનનો ધુમાડો કરવો.<br>• પશુને ૬ થી ૮ કી.ગ્રા. સુકો અને ૧૫ થી ૨૦ કી.ગ્રા. લીલો ચારો આપવો. દુધાળા પશુઓને પ્રતિ લીટર દુધની ઊપજ હોય તેમને નિયમિત ૧ કી.ગ્રા. ફીડ + ૫૦ ગ્રામ ખનીજ તત્ત્વોનું મિશ્રણ આપવું.<br>• ઈતરડીના નિયંત્રણ માટે ડેલ્ટામેથ્રીન અથવા એમીટ્રાલ ૨ મી.લી. એક લીટર પાણીમાં નાખીને છાંટવી. |